ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

નવસારી-વલસાડ-વાપી

વાતાવરણ

	મહત્તમ	લઘુત્તમ
નવસારી	૩૬.૦° સે.	૨૧.૦° સે.
આહવા	૩૭.૦° સે.	૨૦.૦° સે.
વલસાડ	૩૬.૦° સે.	૨૧.૦° સે.
વાપી	૩૬.૦° સે.	૨૧.૦° સે.

માર્ગ સિક્સલેન બનવાથી પ્રવાસન ઉદ્યોગ ઉપરાંત, ફળ-શાકભાજીના વેપારને પણ વેગ મળશે

બીલીમોરા-વઘઈ રોડ સિક્સલેન કરવા કવાયત

ગરવી ગુજરાત હાઈ-સ્પીડ કોરિડોર માટે રૂપિયા ૧૭૨૫ કરોડથી વધુનો પ્રોજેક્ટ

જમીન સંપાદન અને ફેઈઝ-૧ માટે ૨૨૫ કરોડની મંજૂરી

નવ સ્થળે ફ્લાયઓવર બ્રિજ, સાત સ્થળે અંડરપાસનું નિર્માણ કરવાનું આયોજન

આ હાઇસ્પીડ કોરિડોરમાં ચીખલી કોલેજ સર્કલ, બામણવેલ પાટિયા, અટારપીર, રાનકુવા, સુરખાઇ, કંડોલપાડા, ખડકાળા, હનુમાનબારી, મહુવાસ સહિતના નવ સ્થળોએ ફ્લાયઓવર બ્રિજ જ્યારે અન્ય સાત જેટલા સ્થળોએ સાત જેટલા અંડરપાસનું નિર્માણ કરવાનું આયોજન છે. ફ્લાયઓવર અને અંડરપાસના સ્થળે જરૂરી સર્વિસ રોડનું નિર્માણ પણ કરવામાં આવશે. આમ આ માર્ગ ઉપર મોટેભાગના ટ્રાફિક આઇલેન્ડો ઉપર ફ્લાઇઓવર અને અંડરપાસના નિર્માણથી ટ્રાફિકની સમસ્યામાંથી છુટકારો મળશે.

વેજ: ગરવી ગુજરાત હાઈ-સ્પીડ કોરિડોર અંતર્ગત પાડોશી રાજ્ય મહારાષ્ટ્રને જોડતા બીલીમોરા-ચીખલી-વાંસદા-વઘઈ રોડને સિક્સલેન બનાવવાની કામગીરી માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા જમીન સંપાદનની પ્રક્રિયા તેજ કરવામાં આવી છે. બુલેટ ટ્રેન અને એક્સપ્રેસ-વેની કનેક્ટિવિટી તેમજ પ્રવાસન ઉદ્યોગને વેગ મળવાથી આ સમગ્ર વિસ્તારની કાયાપલટ થવાનું નિશ્ચિત છે.

આ હાઈ-સ્પીડ કોરિડોર માટે જમીન સંપાદન સહિતના ફેઈઝ-૧ના કામો માટે સરકાર દ્વારા ૨૨૫ કરોડ રૂપિયાની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. જ્યારે ફેઈઝ-૨ અંતર્ગત સિક્સલેન રોડ, નવ ફ્લાયઓવર અને સાત અંડરપાસના નિર્માણ માટે ૧૫૦૦ કરોડ રૂપિયાની દરખાસ્તની તજવીજ હાથ ધરવામાં આવી છે.

દક્ષિણ ગુજરાતમાં માત્ર બીલીમોરા-ચીખલી-વાંસદા-વઘઈ રોડનો જ આ કોરિડોરમાં સમાવેશ કરાયો છે. આ માર્ગ મહારાષ્ટ્રને જોડતો હોવાથી તેના વિસ્તૃતિકરણ અને સિક્સલેન બનવાથી પ્રવાસન ઉદ્યોગને પ્રોત્સાહન મળશે અને રોજગારીમાં વધારો થશે. ઉપરાંત, દક્ષિણ ગુજરાત સાથે ફળ-શાકભાજીના મોટાપાયે થતા વેપારને પણ વેગ મળશે.

આ હાઈ-સ્પીડ કોરિડોરમાં ફ્લાયઓવરબ્રિજ અને અંડરપાસની જોગવાઈથી અકસ્માતોની સંખ્યામાં પણ મોટો ઘટાડો થશે. સમયની માંગ અને જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સરકારે લીધેલો આ નિર્ણય અત્યંત આવકાર્ય છે.

સંપાદનની કામગીરી માથાનો દુખાવો બનશે

આ માર્ગ ઉપર ઘણી લંબાઈમાં મધ્યરેખાથી બંને તરફ ૧૫-૧૫ મીટર તો કેટલીક લંબાઇમાં ૧૦-૧૦ મીટરની જગ્યા હાલે ઉપલબ્ધ છે. અને રોડનું માર્જિન મધ્યથી બંને તરફ ૨૪-મીટરનું છે. ત્યારે મોટેભાગે માર્જિનવાળી જમીનમાંથી જ બાકીની ૭ કે ૧૨ મીટર જેટલી જમીન માર્ગ મકાન દ્વારા સંપાદિત કરવાની રહેશે. જો કે ફ્લાય ઓવરબ્રિજના સ્થળે વધુ જમીનની જરૂરિયાત ઉભી થશે. આમ ૨૪-મીટરના માર્જિનમાં કોઈ કાયમી બાંધકામ જમીન માલિક દ્વારા કરી શકાતું નથી. માર્ગ મકાન દ્વારા જમીન, બાંધકામ, ઝાડો સહિતનું વળતર ચૂકવાશે પરંતુ લોકોને એક્સપ્રેસ-વે મુજબની વળતરની અપેક્ષા વચ્ચે આ રોડ માટે રાજ્ય સરકારના ધારા ધોરણો લાગુ પડશે તે પણ વાસ્તવિકતા છે. જો કે સરકાર દ્વારા ઉદારતા દાખવી પોષણક્ષમ વળતર આપવામાં આવે તે જરૂરી છે. આ માર્ગમાં ગણદેવીના ૨, ચીખલીના-૧૨ અને વાંસદાના - ૧૯ મળી કુલ-૩૩ જેટલા ગામોના ખેડૂતોની જમીન સંપાદિત કરાશે પરંતુ સંબંધિત ગ્રામ પંચાયતો દ્વારા મંજૂરી માટે ઠરાવ પણ આપવામાં આવ્યો નથી ત્યારે સંપાદનની કામગીરી માથાનો દુ:ખાવો બનશે તેમ લાગી રહ્યું છે.

નદી-કોતરો પર ઊંચાઇવાળા પુલોનું નિર્માણ કરવામાં આવશે

બીલીમોરા-ચીખલી-વાંસદા-વઘઇ રાજ્ય ધોરીમાર્ગના પચાસ કિમીથી વધુ લંબાઇના માર્ગમાં સિક્સલેનની કામગીરી અંતર્ગત નદી-કોતરો પરના હયાત પુલોના સ્થાને નવા પુલની ઊંચાઇવાળા પુલોનું નિર્માણ કરવામાં આવશે જેમાં ફેઇઝ-૧ માં કાવેરી નદી પર પ્રતાપનગર સહિત ત્રણ જેટલા સ્થળોએ નવા પુલોની પણ મંજૂરી મળી જવા પામી છે. જ્યારે બાકીના તમામ નાના-મોટા પુલોની કામગીરી સિક્સલેનની કામગીરી દરમ્યાન કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. બીજી તરફ નડતરરૂપ વિજલાઇન, પાણી-ગેસની લાઇનોમાં શિફ્ટિંગ માટે પણ જરૂરી નાણાંની ભરપાઇ સાથે માર્ગ મકાન દ્વારા કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

પુત્રીના લગ્નની ખરીદી કરવા ગયેલા પરિવારના બંધ મકાનમાં ચોરી

વાપીની સોસાયટીના રો હાઉસમાંથી તસ્કરો રોકડ અને સોના-ચાંદીના 32.62 લાખના દાગીના ઉઠાવી ગયા

વાપી : વાપીના છરવાડા સ્થિત વ્રજ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટીના રોહાઉસમાં રહેતો એક પરિવાર પુત્રીના લગ્નની ખરીદી કરવા માટે વાપી બજાર ગયો હતો. આ દરમિયાન તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવીને કબાટમાં મૂકેલા રૂપિયા 12 લાખ રોકડા અને સોના-ચાંદીના ઘરેણા મળીને કુલ રૂપિયા 32,62,482 ની મતાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ પોરબંદરના અને હાલ વાપી છરવાડા વ્રજ સોસાયટીમાં રહેતા અજયકુમાર ભગવાનદાસ દોશી (ઉ. 62)ની પુત્રીના લગ્ન નક્કી થયા હોવાથી, ગત 24 ઓક્ટોબર 2026ના રોજ સાંજે પોણા સાતેક વાગ્યાની આસપાસ પરિવાર મકાનને તાળું મારીને લગ્નની ખરીદી માટે બજાર ગયો હતો. રાત્રે સાડા નવેક વાગ્યે પરિવાર પરત ફર્યા બાદ પુત્રી પહેલા માળે ગઈ ત્યારે બેડરૂમના બંને કબાટ ખુલ્લા અને સામાન વેરવિખેર જોતાં ચોરીની જાણ થઈ હતી.

તપાસ કરતાં બેડરૂમની દિવાલમાં આવેલી લાકડાની બારી તથા લોખંડની ગ્રીલ તૂટેલી હાલતમાં મળી આવી હતી. તસ્કરો કોઈક સાધન વડે બારીની ગ્રીલ તોડીને ઘરમાં પ્રવેશીને આ લાખોની ચોરીને અંજામ આપી ગયા હતા. આ બનાવ અંગે અજયકુમાર દોશીએ વાપી ઉદ્યોગનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા તસ્કરો સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

નહેરના મેન્ટેનન્સને કારણે એક ટાઈમ પાણી આપવા અંગે વિચારણા

નવસારીમાં ડિસેમ્બર મહિનામાં પાણી વિતરણ વ્યવસ્થા બદલાવાની શક્યતા

રોટેશનમાં વિરામ કે જાળવણીની કામગીરીથી પાણી પુરવઠા પર અસર પડી શકે

તંત્ર દ્વારા આગોતરા આયોજન અને નાગરિકોને કરકસરપૂર્વક ઉપયોગ કરવા અપીલ

નવસારી : નવસારી શહેરમાં આગામી ડિસેમ્બર મહિનામાં પાણી પુરવઠાને લઈને વિતરણ વ્યવસ્થામાં ફેરફાર કરવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે. નહેરના રોટેશનમાં વિરામ આવે અથવા મેન્ટેનન્સના કામને કારણે પાણીની આવકમાં અસ્થાયી વિક્ષેપ સર્જાય તો શહેરના પાણી પુરવઠાના આયોજન પર તેની અસર પડી શકે છે. આવી સ્થિતિમાં નાગરિકોને નિયમિત બે ટાઈમ મળતા પાણીના બદલે એક ટાઈમ પાણી વિતરણ કરવાની વ્યવસ્થા અંગે વિચારણા કરવાની જરૂર પડી શકે છે. સામાન્ય રીતે ઉનાળામાં પાણીની માંગ વધતી હોવાથી પાણીના વિતરણનું આયોજન મહત્ત્વનું બને છે. જોકે, નહેરના રોટેશન અથવા મેન્ટેનન્સના સંભવિત સમયગાળાને ધ્યાનમાં રાખીને શિયાળામાં પણ પાણીની ઉપલબ્ધતા અને વિતરણ વ્યવસ્થાનું આગોતરું આયોજન જરૂરી બની શકે છે. નહેરમાંથી પાણીનો પુરવઠો કેટલા સમય માટે પ્રભાવિત થશે અને શહેરની દૈનિક જરૂરિયાત પૂરી કરવા કેટલો જથ્થો ઉપલબ્ધ રહેશે, તેના આધારે આગળનું આયોજન થઈ શકે છે. આ ઉપરાંત, પાણીની અછત અનુભવતા વિસ્તારોમાં વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરવા માટે નવા બોર બનાવવાના વિકલ્પ પર પણ વિચારણા થઈ શકે છે. પાણીની ઉપલબ્ધતા જળવાઈ રહે અને નાગરિકોને ઓછામાં ઓછી અસુવિધા થાય તે માટે સંબંધિત તંત્ર દ્વારા સમયસર આયોજન કરવું જરૂરી છે. હાલ ડિસેમ્બર મહિનાથી એક ટાઈમ પાણી વિતરણ અંગે કોઈ સત્તાવાર નિર્ણયની પુષ્ટિ થઈ નથી. નહેરના રોટેશન અને મેન્ટેનન્સના સમયપત્રક અંગે સ્પષ્ટતા થયા બાદ જ પાણી પુરવઠા પર થનારી સંભવિત અસરનો અંદાજ મળી શકશે. નાગરિકોએ પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવો જોઈએ અને તંત્ર દ્વારા આપવામાં આવતી સત્તાવાર સૂચનાઓ પર ધ્યાન આપવું જોઈએ.

વાહનો પર 'પ્રેસ' લખાવી ફરતા તત્ત્વો સામે પગલાં લેવા રજૂઆત

દિવાળીના નામે ઉઘરાણું કરતા કથિત પત્રકારો સામે કાર્યવાહી કરવા ડાંગ પત્રકાર સંઘનું આવેદનપત્ર

સાપુતારા : દિવાળીના તહેવાર ટાણે પત્રકારત્વની આડમાં જાહેરાતો અને અન્ય બહાનાં હેઠળ નાણાં ઉઘરાવવાની પ્રવૃત્તિ કરતા શખ્સો સામે ડાંગ જિલ્લા પત્રકાર સંઘે કમર કસી છે. આ અંગે જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસ વડાને લેખિત આવેદનપત્ર પાઠવીને કથિત સાપ્તાહિક પત્રકારો, સોશિયલ મીડિયાના નામે સક્રિય તત્ત્વો તેમજ વાહનો પર ગેરરીતિથી 'પ્રેસ' લખાવીને ફરતા લોકો સામે કાયદેસરનાં પગલાં ભરવાની માંગ કરવામાં આવી છે.

દિવાળી જેવા તહેવારો દરમિયાન વિવિધ સરકારી ક્ચેરીઓ, કોન્ટ્રાક્ટરો અને વ્યવસાયિક એકમો પાસે જાહેરાતના નામે દબાણપૂર્વક નાણાંની માંગણી કરવામાં આવતી હોવાની રજૂઆતમાં ચિંતા વ્યક્ત કરાઈ છે. પત્રકારત્વ એ લોકશાહીનો મહત્ત્વપૂર્ણ આધારસ્તંભ છે, જે સમાજના પ્રશ્નો ઉજાગર કરે છે. પરંતુ, પત્રકારત્વના નામનો દુરુપયોગ કરી વ્યક્તિગત લાભ મેળવવાની પ્રવૃત્તિઓથી પ્રામાણિક પત્રકારોની વિશ્વસનીયતા પર પ્રશ્નો ઊભા થાય છે. આથી, માત્ર આક્ષેપોના આધારે નહીં પરંતુ તટસ્થ તપાસ અને પુરાવાના આધારે કડક કાર્યવાહી થવી જરૂરી છે.

ડાંગ જિલ્લા પત્રકાર સંઘે માંગ કરી છે કે દિવાળીના સમયગાળા દરમિયાન જાહેરાતો કે અન્ય બહાનાં હેઠળ થતી નાણાકીય માંગણીઓની ફરિયાદોની ગંભીરતાથી તપાસ કરવામાં આવે. જો કોઈ ધમકી કે ગેરકાયદેસર માર્ગે નાણાં પડાવતું હોવાનું સાબિત થાય, તો તેની સામે કાયદાકીય પગલાં લેવાં. આ ઉપરાંત, વાહનો પર 'પ્રેસ' લખાવીને તેનો દુરુપયોગ કરતા તત્ત્વો સામે પણ નિયંત્રણ લાવવા રજૂઆત કરાઈ છે, કારણ કે માત્ર 'પ્રેસ' લખેલું હોવાથી કોઈને વિશેષ અધિકાર મળતો નથી.

આ રજૂઆત બાદ તંત્ર અને પોલીસ વિભાગ કેવું વલણ અપનાવે છે તેના પર સૌની નજર રહેશે. ગેરકાયદે પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા તત્ત્વો સામે કડક કાર્યવાહી થાય તથા પત્રકારત્વની સ્વતંત્રતા જળવાઈ રહે તેવી તકેદારી રાખવી આવશ્યક છે.

દમણમાં ઘરમાંથી સાડા ત્રણ તોલા સોનાના દાગીના ચોરનાર ઝડપાયો

પોલીસે આરોપીની ધરપકડ કરી મુદ્દામાલની રિકવરી અંગે વધુ તપાસ હાથ ધરી

દમણ : સંઘપ્રદેશ દમણના દલવાડામાં આવેલા પ્રકાશ ફળિયામાં રહેતી મહિલાના મકાનમાંથી સાડા ત્રણ તોલા સોનાના દાગીના અને બે મોબાઈલ ફોનની ચોરી કરનારને પોલીસે ઝડપી પાડ્યો છે.

પ્રકાશ ફળિયામાં રહેતા મેઘના પટેલ પોતાના બાળકો સાથે ઘરમાં સૂતા હતા. આ દરમિયાન રાત્રે તસ્કરે મકાનના પાછળના ભાગે આવેલો પતરાનો શેડ ઊંચો કરીને ઘરમાં પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ ઘરમાંથી બે મોબાઈલ ફોન અને આશરે સાડા ત્રણ તોલા સોનાના દાગીના ચોરી કરીને ફરાર થઈ ગયો હતો. પોલીસ તપાસ દરમિયાન ઘરની આસપાસના સીસીટીવી કેમેરાની ચકાસણીમાં એક શંકાસ્પદ વ્યક્તિ મકાનની આસપાસ રેકી કરતો નજરે પડ્યો હતો. આ ફૂટેજના આધારે પોલીસે તપાસ આગળ વધારીને ચોરીના ગુનામાં સંડોવાયેલા મંજય કુમાર દુ:ખી ચૌધરી (ઉંમર વર્ષ 24, રહે. નાલંદા, બિહાર) ને ઝડપી પાડ્યો હતો.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આરોપી છેલ્લા કેટલાક સમયથી દમણમાં રખડતું જીવન ગુજારતો હતો. તે અવારવાર સ્થળોએ આશરો લઈને પોતાની આર્થિક જરૂરિયાતો અને મોજશોખ પૂરા કરવા માટે ચોરીનો રસ્તો અપનાવતો હતો. તે ખાસ કરીને એકલ-દોકલ રહેતા લોકોના મકાનોની અગાઉથી રેકી કરીને તેમની અવરજવર અને પરિસ્થિતિનો તાગ મેળવ્યા બાદ તક મળતાં ચોરીને અંજામ આપતો હતો. વધુમાં, આરોપી અગાઉ પણ મોબાઈલ ચોરીના ગુનામાં ઝડપાઈ ચૂક્યો હોવાનું સામે આવ્યું છે. હાલ પોલીસે આરોપીની ધરપકડ કરીને તેને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે અને ચોરાયેલા મુદ્દામાલની રિકવરી માટે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ખેરગામમાં ટ્રક અડફેટે વીજ થાંભલો નમી પડ્યો

વીજ કંપનીની સમયસૂચકતાથી દુર્ઘટના ટળી, ભારે વાહનો પર પ્રતિબંધની માંગ

ખેરગામ : ખેરગામમાં દશેરા ટેકરી પાસે આજે સાંજે આશરે ચાર વાગ્યાના અરસામાં એક ટ્રક અડફેટે વીજ કંપનીનો કેબલ ખેંચાતા વીજ થાંભલો મુખ્ય રસ્તા તરફ નમી પડ્યો હતો.

આ ઘટનાને પગલે આસપાસના લોકોમાં ભારે ગભરાટ ફેલાયો હતો. જોકે, સ્થાનિક લોકોએ તાત્કાલિક વીજ કંપનીને જાણ કરતા કર્મચારીઓ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને સમારકામની કામગીરી હાથ ધરી થાંભલો વ્યવસ્થિત કરી દેતા મોટી દુર્ઘટના ટળી હતી.

ખેરગામમાં ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ હોવા છતાં, વાહનો ઘસી આવવાથી વીજ કેબલોને નુકસાન થવાની ઘટનાઓ બને છે. આથી, ભારે વાહનોની અવરજવર પર કડક નિયંત્રણની લોકમાગ ઉઠી છે.

ભારે વાહનોની અવરજવર માટે ચીખલી રોડ પર પોસ્ટ ઓફિસ પાસેથી રામજી મંદિર પાછળ થઈ જનતા હાઈસ્કૂલ પાસેથી પસાર થતો બાયપાસ માર્ગ પણ તૈયાર કરવામાં આવ્યો છે. તેમ છતાં ભારે વાહનો બજારમાં પ્રવેશતાં ટ્રાફિકની સમસ્યા સર્જાય છે.

યોગ્ય ટ્રાફિક વ્યવસ્થા ગોઠવવાની માંગ

હાલ દિવાળીના તહેવારોનો સમય હોવાથી બજારમાં ખરીદી માટે લોકોની અવરજવર વધી રહી છે. ત્યારે કોઈ અકસ્માત ન સર્જાય અને લોકોને ટ્રાફિકની સમસ્યાનો સામનો ન કરવો પડે તે માટે સ્થાનિક પોલીસ દ્વારા બજાર વિસ્તારમાં યોગ્ય ટ્રાફિક વ્યવસ્થા ગોઠવવામાં આવે તથા પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશતા ભારે વાહનો સામે જરૂરી પગલાં ભરવામાં આવે તેવી સ્થાનિક આગેવાનો દ્વારા માંગ ઊઠી છે.

ગણદેવી સુગર ફેક્ટરીમાં શેરડી પિલાણ સિઝનનો પ્રારંભ

૩૦ હજાર હેક્ટર વિસ્તારની ૯ લાખ ટન શેરડી પિલાણ કરાશે

બીલીમોરા : ગણદેવી સુગર ફેકટરીમાં સને ૨૦૨૬-૨૭ ની શેરડી પિલાણ સિઝનનો સોમવાર સવારે પ્રારંભ કરાયો હતો. જેમાં ૩૦ હજાર એકર વાવેતર વિસ્તારની ૯ લાખ ટન શેરડી પિલાણનો લક્ષ્યાંક નિર્ધારિત કરાયો છે.

ગણદેવી સુગરનાં પ્રોડક્શન મેનેજર શૈલેષ પટેલે યજ્ઞ, પૂજા કરી હતી. આ પ્રસંગે સ્વામિનારાયણ સંતો, પીઢ સહકારી અગ્રણી જયંતિભાઈ પટેલ, ગણદેવી સુગરના પ્રમુખ અમિતભાઈ પટેલ, ઉપપ્રમુખ અલ્પેશ દેસાઈ, રાજેશ ઉર્ફે રાજાભાઈ પટેલ, સમીર પટેલ, રણજીત પટેલ, નટુભાઈ પટેલ, વિરેન્દ્ર પટેલ, ગોપાળ ગોહિલ, અરુણ પટેલ, કલ્પેશ પટેલ, રાજેન્દ્રસિંહ પરમાર, મેનેજિંગ ડિરેક્ટર રાવસાહેબ શેટ્ટી અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, ઓએસ મુકેશ પટેલ, કર્મચારીગણ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. યજ્ઞ પૂજા વિધી સાથે નવી શેરડી પુલિંગ કરી પિલાણની કામગીરીનો પ્રારંભ થયો હતો. જેમાં મહુવા, નવસારી અને વલસાડની અંદાજીત ૩૦ હજાર એકર વિસ્તાર માંથી ૯ લાખ ટન શેરડી પિલાણનો લક્ષ્યાંક નિર્ધારીત કરાયો છે. જે આગામી ૧૬૫ થી ૧૭૦ દિવસોમાં લક્ષ્યાંક પૂરો કરાશે. જે માટે ૩૦૦ ટ્રક, ૧૩૫ બળદગાડા, ૧૪૫ ટ્રેકટર ગાડા, ૭ હજાર જેટલા શ્રમજીવીઓનો કાફલો કામે લાગ્યો છે. ગણદેવી સુગર ફેકટરી દક્ષિણ ગુજરાત માટે જીવાદોરી સમાન હોય સેકડો શ્રમજીવી ઓને રોજી રોટી પુરી પાડે છે. શેરડીની ચીમળી પશુઆહાર માટે ઉપયોગમાં લેવામાં આવે છે. આ શુભ પ્રસંગે પ્રમુખ અમિત પટેલે ઉઘડતી સીઝન માટે તમામને શુભેચ્છાઓ પાઠવી સૌનો ઉત્સાહ વધાર્યો હતો.

વાપી GIDC નોટિફાઇડના લીડિંગ ફાયરમેનનું હાર્ટ એટેકથી અવસાન

પુત્રના મોતના આઘાત વચ્ચે માતાની તબિયત પણ લથડતાં હોસ્પિટલમાં ખસેડાયા

યુવાન ફાયર જવાનના અકાળે અવસાનથી ફાયર વિભાગ સહિત તેમના પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ

વાપી: વાપી જીઆઈડીસી નોટિફાઇડ ફાયર સ્ટેશનમાં છેલ્લા પાંચ વર્ષથી ફરજ બજાવતા લીડિંગ ફાયરમેન ગામીત વિરેન્દ્રકુમાર ચીમનભાઇ (ઉ.આ. 30)નું હાર્ટ એટેક આવતા અવસાન થયું છે. યુવાન ફાયર જવાનના અકાળે અવસાનથી ફાયર વિભાગ સહિત તેમના પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઇ છે.

મળતી માહિતી મુજબ, મૂળ વાંસદા તાલુકાના હોળીપાડા, કુરેલીયા ગામના વતની વિરેન્દ્રકુમાર વાપી નોટિફાઇડ ફાયર સ્ટેશનના ક્વાર્ટરમાં રહી ફરજ બજાવતા હતા. ગત તા. 24 ઓક્ટોબર, 2026ના રોજ શનિવારે તેઓ સ્નાન કરી રહ્યા હતા, તે દરમિયાન અચાનક તેમની તબિયત લથડી હતી અને હાર્ટ એટેક આવ્યો હતો. ઘટનાની જાણ થતાં જ ફાયર સ્ટેશનના હાજર સ્ટાફે તાત્કાલિક 108 એમ્બ્યુલન્સની મદદથી તેમને સેલવાસની નમો હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. હોસ્પિટલમાં ટૂંકી સારવાર દરમિયાન તબીબોએ તેમનું અવસાન થયાનું જણાવ્યું હતું. ફાયર સ્ટેશનના સ્ટાફે દિવંગત જવાનને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

વિરેન્દ્રકુમારના અવસાનથી તેમના પરિવાર પર દુ:ખનો પહાડ તૂટી પડ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વર્ષ 2024માં તેમના પિતાનું અવસાન થયું હતું. ત્યારબાદ પરિવારમાં માતા અને પુત્ર જ હતાં. હવે પુત્રના પણ અકાળે અવસાનથી માતાએ પોતાનો એકમાત્ર આધાર ગુમાવ્યો છે. પુત્રના મોતના આઘાત વચ્ચે માતાની તબિયત પણ લથડતાં તેમને હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

આહવા-ચિંચલી માર્ગ પર બે કાર વચ્ચેના અકસ્માત

મહારાષ્ટ્ર પાસિંગની બે કાર સામસામે અથડાતા ટક્કર થઈ, ઈજાગ્રસ્તોને આહવા સિવિલ હોસ્પિટલ ખસેડાયા

સાપુતારા : ડાંગ જિલ્લાના આહવા-ચિંચલી માર્ગ પર પાંડવા ફાટક પાસે મહારાષ્ટ્ર પાસિંગની બે કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં આશરે પાંચ જેટલા લોકો ઘાયલ થયા હોવાની માહિતી મળી છે. અકસ્માત બાદ રાહદારીઓની સતર્કતાથી તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ અને 112 ઈમરજન્સી સેવાનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, કાર નંબર (MH.15.FF.2149) આહવાથી મહારાષ્ટ્ર તરફ જઈ રહી હતી. આ કારમાં સવાર લોકો સુરતની હોસ્પિટલમાં એક નાના બાળકની સારવાર કરાવીને પરત ફરી રહ્યા હતા. જ્યારે સામેથી આવતી બીજી કાર નંબર (MH.20.HH.6870) મહારાષ્ટ્રથી ડાંગના બિલમાળ તરફ એક મંદિરના ભગત પાસે જઈ રહી હતી. પ્રાથમિક માહિતી મુજબ, બીજી કાર પાંડવા માર્ગ તરફ વળવા જઈ રહી હતી તે દરમિયાન બંને વાહનો વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી.

ઘટનાની જાણ થતાં જ 108ની બે એમ્બ્યુલન્સ અને 112 પોલીસ ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. અકસ્માતમાં ઘાયલ થયેલા પાંચેય ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે આહવા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ આ બનાવ અંગે ડાંગ પોલીસ દ્વારા આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

વાપીમાંથી કાર અને મોપેડની ચોરી

વાપી : વાપીમાં વાહનોની ચોરીના બનાવો વધી રહ્યા છે. ડુંગરા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, વાપી હરિયા પાર્ક સ્થિત શ્રીજી ઈન્ક્લેવમાં રહેતા રાજુભાઈ નાનુભાઈ લાડ (ઉં. 43)એ સેકન્ડ હેન્ડ ખરીદેલી કાર (કિંમત આશરે રૂપિયા 2 લાખ) ગત 23 ઓક્ટોબર 2026ના રોજ પાર્કિંગમાં મૂકી હતી. બીજા દિવસે સવારે કાર નજરે ન પડતા શોધખોળ કરી હતી, પરંતુ પત્તો ન લાગતા ડુંગરા પોલીસ મથકે ચોરીની ફરિયાદ નોંધાવી હતી.

અન્ય બનાવમાં, વાપી ઉદ્યોગનગર પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, મોટી સુલપડ જલારામ ચોકમાં રહેતા મનીષભાઈ બાલુભાઈ પટેલ (ઉં. 45)નું મોપેડ (કિંમત આશરે રૂપિયા 70 હજાર) ગત 18 ઓક્ટોબરના રોજ રાત્રે ઘર આંગણે પાર્ક કર્યું હતું. સવારે દુકાને જવા નીકળતી વખતે મોપેડ ગાયબ જણાયું હતું. આસપાસ તપાસ કરવા છતાં ભાળ ન મળતા તેમણે ઉદ્યોગનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે બંને મામલે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.